GJRJ180004982024

Presented on : 02-03-2024
Registered on : 02-03-2024
Decided on : 01-04-2026
Duration : 2 years, 0 months, 30 days

**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT ,MORABI Presided Over by P. R. Suthar**
**RECO33C2 LC/46/2024**

આંક : ૧૪

**અરજદાર** : **ઈસાભાઈ ઉમરભાઈ,**
સબજેલ સામે,ભંગી હરીજન વાસ,
મોરબી–૩૬૩૬૪૧

**વિરુઘ્ઘ**

**સામાવાળા** : **ચીફ ઓફિસરશ્રી,**
મોરબી નગરપાલીકા,નગર પાલીકા
સેવા સદન,મોરબી–૩૬૩૬૪૧

**હાજર રહયા** :– અરજદાર તરફે :–પ્રતિનિધિશ્રી ઘીરૂભાઈ મકવાણા
સામાવાળા તરફે:–વિ.વ.શ્રી જી.કે.ભટૃ

બાબત :– **ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) હેઠળ અરજી.**

**:: હુ ક મ ::**

(૧) અરજદારની અરજીની વિગત એવી છે કે, **ઈસાભાઈ ઉમરભાઈ** સામાવાળા સંસ્થામાં ઘણા વર્ષોથી બાગ સાથી તરીકે ફરજ બજાવતા હતા અને તા.૩૧/૧૦/૨૦૧૯ ના રોજ નિવૃત થયેલા છે. સંસ્થાના નિયમો મુજબ દર વર્ષ ગણવેશ તરીકે ૨ જોડી ગણવેશનુ કાપડ તથા સિલાઈ રોકડમાં આપવામાં આવે છે તેમ નગરપાલિકાના નિયમોમાં જોગવાઈ છે. આ નિયમો મુજબ દરેક કર્મચારીને દર ૫ વર્ષે ગરમ જરસીઅથવા ગરમ બંડી અથવા ગરમ કાપડ અને સિલાઈ

આપવાની હોય છે. આ નિયમો મુજબ૧૯૯૫થી સામાવાળાએ તેમને ગણવેશ કે ગરમ જરસી કે ગરમ કપડા કે સિલાઈની રકમ આપેલ નથી. અગાઉ પણ સામાવાળા ધ્વારા ગણવેશ કે કાપડ કે જરસી આપેલા ન હતા કે રકમ ચુકવેલી ન હતી. તેથી લેબર કોર્ટ માં રીકવરી નં.૧૭/૯૩ થીરીકવરી નં.૧૮૭/૯૩ કરેલ હતી તેમા કોર્ટે ગણવેશો તથા ગરમ કપડા કે જરસી ની કાયદેસર થતી રકમ ચુકવવા હુકમ કરેલો છે. તેમ જણાવી અરજી સાથે પરિશીષ્ટ મુજબની લેણી રકમ મેળવવા માટે ઔધોગિક વિવાદ ધારો ૧૯૪૭ની કલમ ૩૩(સી-૨) હેઠળ હાલની અરજી લેણી રકમ તથાઅરજી ખર્ચ વ્યાજ સહિત વસુલ અપાવવા કરેલ છે, અને પરિશિષ્ટમાં નીચે મુજબની વિગત દર્શાવેલ છે.

**પરિશિષ્ટ**

૧. દર વર્ષે બે જોડી કાપડ સીલાઈ સહિત રૂ.૨૦૦૦/-
સને ૧૯૯૫ થી સને ૨૦૧૯ સુધીની ગણતરી કરતા કુલ ૨૪ વર્ષ થાય તેથી ૨૪×૨૦૦૦/- રૂા.૪૮,૦૦૦/-

૨. દર ૫ વર્ષે એક જોડી ગરમ કાપડ અથવા ગરમ જરશી રૂા.૧૦૦૦/- લેખે ગણતા સને ૧૯૯૫ થી સને ૨૦૧૯ સુધીની ગણતરી કરતા કુલ ૪ જોડી ગરમ કાપડ અથવા ગરમ જરસી ની કિંમત આપવાની થાય જે ૪ વર્ષ થાય જેથી ૪ ×૧૦૦૦ એટલે રૂા.૪,૦૦૦/-

**કુલ રૂા.૫૨,૦૦૦/-**

(૨) અરજદારની ઉપરોકત અરજીની નોટીસ સામાવાળાને કાયદેસર રીતે બજી જતા તેઓના વિ.વ.શ્રી હાજર થઈ આંક-૪ થી વકીલ પત્ર રજુ કરેલ છે. પરંતુ ત્યાર બાદ મુદતો આપવા છતાં સામાવાળા તરફે જવાબ રજુ થયેલ ન હોય અરજદારની આંક-૬ ની અરજી લગત હુકમ અનુસાર સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ થયેલ છે.

વળી, ત્યાર બાદ સામાવાળા સંસ્થાએ આંક–૯ થી જવાબનો હકક રી ઓપન કરવા કરેલ અરજી લગત હુકમ અનુસાર ખર્ચ સાથે શરતી હુકમથી મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી જવાબ હકક રી ઓપન કરવાની અરજી મંજુર કરેલ છે.

આ કામે સંસ્થા તરફે થી જવાબ રજુ કરેલ છે. સામાવાળા વાંધા જવાબની વિગતે જણાવે છે કે, અરજદારની અરજી ખોટી ઉપજાવી કાઢેલી, કાયદાની જોગવાઈ વિરુધ્ધની શુધ્ધ બુધ્ધિ વિનાની હોય રદ થવાને પાત્ર છે. કામદાર સને ૨૦૨૧ મા નિવૃત થતા અને નિવૃતિના ૩ વર્ષો બાદ સને ૨૦૨૪મા અરજી દાખલ કરેલ છે. જેને ડિલે અને લેચીઝનો બાદ નડે છે. વળી આ માંગણી મુકતા પહેલા કામદારે કે તેઓના કહેવાતા યુનિયન દવારા આજ દિવસ સુધી કોઈ માંગણી મુકી નથી. સીધી જ નામ. કોર્ટમાં રીકવરી અરજી કરેલ છે. અરજદારે તેઓની અરજીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગણવેશમાં કાપડી/સાડી/ચણીયાનું આપવામા આવે છે. અને સીલાઈની રકમ રોકડમાં આપવામાં આવે છે. એટલે કે કાપડ આપવાની જોગવાઈ નિયમોમાં છે. રકમ આપવાની જોગવાઈ નથી. આ અરજીમાં કામદારે રકમની માંગણી કરેલ છે. આમ રકમ/ની માં ગણી ઔદ્યોગિક વિવાદ ધારાની કમલ ૩૩ સી(૨)ની માંગણી નીચે એકસીસટીંગ રાઈયમા આવતુ ન હોય આ અરજી ઔદ્યોગિક વિવાદ ધારા નીચે ટકવા પાત્ર ન હોય રદ થવાને પાત્ર છે. સને ૧૯૯૫ થી કામદારને ડ્રેસ આપવામાં આવેલ નથી તેવી રજુઆત અરજીમાં કરેલ છે. પરંતુ ૧૯૯૫ થી ૨૦૧૦ સુી જ ૧૫ વર્ષના ગાળામાં ડ્રેસ આપવા માટે જે તે વખતે નગરપાલીકાને રજુઆત કરેલ હોવાનો ઉલ્લેખ અરજીમાં નથી. અરજદારના યુનિયને પણ આવી માંગણી ઔદ્યોગિક ન્યાય પં ચ સમક્ષ મંજુર કરાવેલ નથી. રીકવરી અરજી નં.૧૭/૯૩ થી ૧૮૭/૯૩ કામદારો પક્ષકાર ન હતા અને તેથીછ ઉપરોકત રીકવરી અરજીનો લાભ તેઓને મળવાપાત્ર નથી. વળી અન્ય ચુકાદામા કોઈ લાભ મળ્યો હોય તે

સીધો જ આ અરજીમા લાગુ પાડી શકાય નહી. અરજદારે રૂા. ૨૦૦૦/– ના કાપડની રકમની ગણતરી કયા આધારે કરેલ છે તે દર્શાવેલ નથી. અને ગરમ જરશીના રૂા. ૧૦૦૦/– ની ગણતરી કે વેપારીનુ કવોટેશન રજુ કરેલ નથી. અને તેથી માંગવામા ઓલ રકમ સાબીત થતી ન હોય અરજી રદ થવાને પાત્ર છે. તેમ જવાબમાં જણાવેલ છે પરંતુ સામાવાળાએ આંક–૯ ના હુકમ અનુસાર ખર્ચ ભરપાઈ કર્યાની કોઈ જ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી નથી.

(૩) આ કામે અરજદારના પુરાવાના તબકકે અરજદાર તરફે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

આંક–૮ અરજદાર ઈસાભાઈ ઉમરભાઈનુ સરતપાસનુ સોગં દનામુ,નિશાની ૭/૧ લેબર કોર્ટ દવારા રીકવરી કેઈસ નં. ૧૭/૯૩ થી રીકવરી ૧૮૮/૯૩ ના કામે આપેલ ચુકાદો તા. ૨૩/૧/૨૦૦૭ ની નકલ, નિશાની ૭/૨ મોરબી નગરપાલિકા ડ્રેસ અંગેના નિયમો –૧૯૬૬ ની નકલ, આંક–૧૧ થી અરજદાર તરફે પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૪) અરજદાર તરફે ઉપરોકત પુરાવા સ્વરૂપે આંક–૮ થી સરતપાસ સોગંદનામુ રજુ થતા સામાવાળા તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ નથી. જયારે, સામાવાળાના પુરાવાના તબકકે પણ મુદતો રાખવા છતાં સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ થયેલ ન હોય અરજદારના પ્રતિનિધિશ્રીએ સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવા અંગે આંક–૧૨ થી અરજી રજુ કરેલ તે લગત કરેલ હુકમ અનુસાર સંસ્થાનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવે છે.

(૫) ત્યાર બાદ દલીલના તબકકે અરજદાર તરફે પ્રતિનિધિશ્રીની દલીલો સાંભળી. સામાવાળા તરફે દલીલ માટે મુદતો રાખવા છતાં સામાવાળા તરફે રિપોર્ટ, રજુઆત કે દલીલ રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે અરજદારના પ્રતિનિધિશ્રીએ સામાવાળાની દલીલનો હકક બંધ કરવા

રુ .૧૦૦૦/– અરજદારને ચુકવી આપવા સામાવાળા વિરુઘ્ધ હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયી ગણાશે.

**:: આખરી હુકમ ::**

**૧.** અરજદારની ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૩૩ (સી–ર) અન્વયેની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

**ર.** આથી આ કામના સામાવાળાને હુકમ કરવામા આવે છે કે, આ કામના અરજદારને તેમની સને ૧૯૯૫ થી સને ૨૦૧૯ સુધીના સમયગાળાના દર વર્ષે બે જોડી કાપડ સિલાઈ સહિતના રકમ રૂા. ૪૮,૦૦૦/– અને, દર પાંચ વર્ષે એક ગરમ કાપડ અથવા ગરમ જરસીની રકમ રૂા.૪,૦૦૦/– મળી કુલ લેણી નીકળતી રકમ રૂા. પર,૦૦૦/– (અંકે રૂા.બાવન હજાર પુરા) આ હુકમની જાણ થયાના દિન–૩૦ મા ચુકવી આપવા.

**૩.** આ અરજીના ખર્ચ પેટે રૂા. ૧૦૦૦/– (અંકે રૂા. એક હજાર પુરા) અરજદારને અલગથી ચુકવી આપવાનો પણ આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

**૪.** સામાવાળા નિયત સમયમાં અરજદારને આ હુકમ મુજબની રકમ ચુકવવામા કસુર કરે તો, હુકમ તારીખથી વસુલ થતા સુધીનુ ૧૨ % લેખે સાદુ વ્યાજ અરજદારને ચુકવી આપવા સામાવાળા વિરુઘ્ધ હુકમ કરવામાં આવે છે.

**આજરોજ હુકમ તારીખ : ૧ મી માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

સ્થળ : મોરબી.

તારીખ : ૦૧/ ૦૪ /૨૦૨૬

VDJ

**( પી. આર. સુથાર)**
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત નંબર–ર, રાજકોટ.
GJ01026